**Received on : 02/08/2021** **Accepted on : 16/08/2021** **Publication Date:31/08/2021**

# કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અને ટેકાના ભાવોની (એમએસપી) અસરકારકતા અને પડકારોનો ડીસા તાલુકાનાં સંદર્ભમાં અભ્યાસ

**મથુરજી ચમનજી ચંડિસરા**
**પી.એચ.ડી સ્કૉલર (અર્થશાસ્ત્ર), હે.ઉ.ગુ.યુ., પાટણ**
Email - drpashrimali@gmail.com

**સારાંશ :** વિશ્વ કક્ષાએ ભારતની ઓળખ એક કૃષિપ્રધાન દેશ તરીકેની છે. ભારતીય અર્થતંત્રમાં ખેતીક્ષેત્રનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ભારતમાં ૧ અબજ કરતાં વધુ વસ્તી કૃષિ અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલી છે. કૃષિ માંથી પ્રાપ્ત થતાં સ્ત્રોત ખોરાક અને પોષક તત્વોની સુરક્ષાની ખાતરી આપે છે. તે ઉપરાંત ઔધોગિક ક્ષેત્રમાં કાચા માલની તાતી જરૂરિયાત પૂરી પડે છે. કાચો માલ, નિકાસના પ્રમાણમાં પણ કૃષિ પેદાશોની માંગ વધવા પામી છે. વર્તમાન સમયે સરપ્લસ ખેડૂત સમુદાય માટે યોગ્ય અને ન્યાયી પ્રણાલી માટે પ્રતિબદ્ધતા આધારિત કરારની ખેતીની આવશ્યકતા છે. જે સ્પષ્ટ રીતે એક વ્યવહારુ વૈકલ્પિક ખેતી મોડેલ છે. ભારતીય અને બહુરાષ્ટ્રીય કંપનીઓએ ભારતમાં કરાર ખેતીની પહેલ શરૂ કરી દીધી છે અને તે મોટા પ્રમાણમાં સફળ રહી છે. તેમને લાગે છે કે તેમની સફળતા નફાકારક બજાર, શારીરિક અને સામાજિક વાતાવરણ અને સરકારના ટેકા પર આધારિત છે. જો કે, કરાર ખેતીના વ્યવસાયને સંચાલિત કરતી સંસ્થાઓની સક્રિય ભાગીદારી દ્વારા કરાર ખેતીથી થતા નકારાત્મક પ્રભાવોને ઘટાડવા માટે પ્રયત્નોની જરૂર છે. વિકસિત દેશોમાં નિકાસ બજારની વધતી જતી માંગ, મધ્યમ વર્ગની વસ્તી અને ખાદ્ય સુરક્ષાની જરૂરિયાતો વચ્ચે સંગઠિત છૂટક વેચાણ માટેના વધતા વલણને કારણે ભારતમાં કરારની ખેતીનું એકંદર ભવિષ્ય એકદમ આશાસ્પદ જણાય છે.

**મુખ્ય શબ્દો :** કરાર ખેતી, અર્થવ્યવસ્થા, કૃષિ વ્યવસાય કંપનીઓ, વૃદ્ધિ, રોજગારી, ઉત્પાદન.

## 1. ભારતમાં કરાર ખેતી :-

ભારતમાં કરાર ખેતી એ એક વ્યવહારીક ખેતી તરીકે ઓળખવામાં આવે છે. જેમાં કૃષિ વ્યવસાય અને ખેતરો પણ એકીકૃત છે. બૌમનના મત પ્રમાણે "એક કરાર કરારની ખેતીને એક સિસ્ટમ તરીકે વ્યાખ્યાયિત કરે છે જ્યાં કેન્દ્રીય પ્રક્રિયા અથવા નિકાસ કરનાર એકમ સ્વતંત્ર ખેડૂતોની લણણી ખરીદે છે અને કરાર દ્વારા ખરીદીની શરતો અગાઉથી ગોઠવવામાં આવે છે." કરારની ખેતીમાં વિવિધ સંસ્થાઓ જેવી કે પ્રોસેસિંગ ફર્મ્સ, નાણાકીય સંસ્થાઓ, કાચો માલ પ્રદાન કરતી કંપનીઓ અને ખેડુતો પોતે તેમાં શામેલ છે. કરારની ગોઠવણીની વિગતો નીચેના દરેક ક્ષેત્રમાં જોગવાઈઓની જટિલતા અનુસાર બદલાય છે. સામાન્ય રીતે કરાર ખેતીને ત્રણ બિન-પરસ્પર વિશિષ્ટ વર્ગોમાં વર્ગીકૃત કરી શકાય છે જેમાં, (૧) બજારની જોગવાઈ, (૨) સંસાધન જોગવાઈ (૩).

કરાર ખેતીમાં મેનેજમેન્ટનું વિશિષ્ટકરણ એકંદરે, કરારની ખેતીની વિભાવના ખેતર અને બજાર વચ્ચે યોગ્ય જોડાણ પૂરું પાડવાનું વચન આપે છે, તે ઉપરાંત પુરવઠા અને બજારના અંતે સ્પર્ધાના ઉચ્ચ પ્રમાણમાં પ્રોત્સાહન, અને ખેડુતની આવક વધારવા માટે મધ્યસ્થીઓના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો કરે છે.

## 2. ભારતમાં કરારી ખેતીની સફળતા માટેની પૂર્વશરતો :-

ભારતમાં કરારી ખેતીની સફળતા મુખ્ય ૫ મોડેલમાં વર્ગીકૃત કરવામાં આવી છે. જેમાં પેઢી અને ખેડૂતો વચ્ચે કરારની વ્યવસ્થા થાય છે. એક પ્રયોજક (કરાર કરનાર પેઢી / નિગમ તરીકેનું એકમ) બજારની માંગ, ઉત્પાદન અને પ્રક્રિયાની આવશ્યકતાઓ અને ખેડૂતોની આર્થિક અને સામાજિક સદ્ધરતાને આધારે મોડેલનું પાલન કરવાનું નક્કી કરે છે. જે અંતર્ગત (૧) કેન્દ્રિય મોડેલ (૨) ન્યુક્લિયસ એસ્ટેટ મોડેલ (૩) મલ્ટીપાર્ટાઈટ મોડેલ (૪) અનૌપચારિક મોડેલ (૫) મધ્યસ્થી મોડેલ નો સમાવેશ થાય છે.

**(૧) કેન્દ્રિય મોડેલ :-**

કેન્દ્રિય મોડેલમાં એક પ્રાયોજક દ્વારા વર્તમાન સ્થિતિ અને કરાર ખેતીની સંભાવનાઓ ને ધ્યાનમાં રાખી મોટી સંખ્યામાં નાના ખેડુતો પાસેથી માલ ખરીદે છે. તે જથ્થો સામાન્ય રીતે વાવણીની મોસમની શરૂઆતમાં નક્કી કરવામાં આવે છે અને ગુણવત્તાના ધોરણોની કડક દેખરેખ અને અમલ કરવામાં આવે છે આ મોડેલમાં ખાતરો, જંતુનાશકો, ક્રેડિટ અને મશીનો વગેરે જેવા સાધનો પ્રદાન કરે છે આ મોડેલનો ઉપયોગ વાર્ષિક પાક અને પાક માટે કરવામાં આવે છે. સેન્ટ્રલાઇઝ્ડ મોડેલ કોન્ટ્રાક્ટ જેવા ઉત્પાદનો પણ જોવા મળે છે જ્યાં બજારની આવશ્યકતાઓને પ્રાયોજકો પાસેથી એકદમ સઘન ફાર્મ-સ્તર સપોર્ટ સાથે ફાર્મ તકનીકમાં સતત ફેરફાર કરવાની જરૂર હોય છે. ઉત્પાદનમાં પ્રાયોજકોની સંડોવણી ન્યૂનતમ ઇનપુટ જોગવાઈથી વિરુદ્ધ આત્યંતિક સુધી બદલાય છે.

**(૨) ન્યુક્લિયસ એસ્ટેટ મોડેલ :-**

ન્યુક્લિયસ એસ્ટેટ મોડેલ એ કેન્દ્રિય મોડેલની વિવિધતા છે કે જ્યાં પ્રયોજક પણ કેન્દ્રિય એસ્ટેટ અથવા વાવેતરનું સંચાલન કરે છે. કેન્દ્રીય એસ્ટેટનો ઉપયોગ સામાન્ય રીતે પ્રોસેસિંગ પ્લાન્ટ માટે થ્રુપુટની બાંયધરી માટે કરવામાં છે, પરંતુ કેટલીકવાર એસ્ટેટનો ઉપયોગ ફક્ત સંશોધન અથવા સંવર્ધન હેતુ માટે થાય છે. પ્રયોજક નોંધપાત્ર પ્રમાણમાં સામગ્રી પ્રદાન કરે છે અને મેનેજમેન્ટ ઈનપુટ્સમાં મદદ કરે છે. આ મોડેલનો ઉપયોગ ખાસ કરીને ચા, કોફી, રબર, કોકો, ખાંડ અને તેલ પામ જેવા પાક માટે થાય છે.

**(૩) મલ્ટીપાર્ટાઇટ મોડેલ :-**

મલ્ટીપાર્ટાઇટ મોડેલમાં એક કરતાં વધુ સંસ્થાઓ શામેલ હોઈ શકે છે, જેમાં મોટેભાગે કાયદાકીય સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેમાં દરેક એન્ટિટી વિવિધ માલ અને સેવાઓ પ્રદાન કરવા માટે જવાબદાર હોય છે. જેમ કે ક્રેડિટ, ઈનપુટ્સ, મશીનરી, ઉપકરણો, પરિવહન, પ્રક્રિયા અને માર્કેટિંગ સુવિધાઓ. ભારતમાં મલ્ટીપર્ટાઇટ કરારનું ઉત્તમ ઉદાહરણ જોઈએ તો અગ્રણી કંપની (ડાબર) એ સરકાર પાસેથી જમીન લીઝ્ડ કરવાની વ્યવસ્થા હસ્તગત કરી અને ઔષધિય છોડ ઉગાડવા માટે આદિવાસી સમુદાયો સાથે કરાર કર્યો.

**(૪) અનૌપચારિક મોડેલ :-**

અનૌપચારિક મોડેલ વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો અથવા નાની કંપનીઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે. તેમાં સામાન્ય રીતે મોસમી ધોરણે અનૌપચારિક ઉત્પાદન અંગેનો કરાર શામેલ છે. તે ઘણીવાર સંશોધન અને વિસ્તરણના રૂપમાં સરકારી સહાયક સેવાઓની જરૂર પડે છે. અનૌપચારિક કરારની ગોઠવણી એવા પાકમાં મળી શકે છે. જેમાં ન્યૂનતમ પ્રક્રિયાની જરૂર પડે છે. સામાન્ય રીતે આને બજારમાં મૂકતા પહેલા આને શોર્ટ અને ગ્રેડ કરવામાં આવે છે. જેમ કે, આ વ્યવસ્થા મોટે ભાગે તાજા ફળો અને શાકભાજીમાં જોવા મળે છે. ખાસ કરીને, વાસ્તવિક ઉત્પાદનમાં અને ઈનપુટ પ્રાપ્તિમાં પેઢીની સંડોવણી ખૂબ ઓછી જોવા મળે છે. ભારતમાં ઘણી સુપરમાર્કેટ ચેન સામાન્ય રીતે ઉત્પાદનનો સતત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે આ મોડેલને અનુસરે છે.

**(૫) મધ્યસ્થી મોડેલ :-**

મધ્યસ્થી મોડેલમાં મધ્યસ્થીવાળા ખેડૂતોના પેટા કોન્ટ્રેક્ટિંગ જોડાણોમાં પ્રાયોજકો શામેલ છે. આ મોડેલનો ઉપયોગ કરીને, પ્રાયોજકો ઉત્પાદન અને ગુણવત્તાનું નિયંત્રણ તેમજ ખેડુતો દ્વારા પ્રાપ્ત થતા ભાવ ગુમાવવાનું જોખમ ચલાવે છે. જો પ્રોસેસરો/પ્રાયોજકો ગુણવત્તા વિશે યોગ્ય માહિતી ધરાવતા હોય અને માત્ર જથ્થા સાથે સંબંધિત હોય તો આ મોડેલ કામ કરી શકે છે. તે ઉપરાંત મધ્યસ્થીની નિમણૂક કરવાનો નિર્ણય પેઢી માટેના ખર્ચ અને ગુણવત્તાની બાબત વેપાર પર આધારિત છે. આ વ્યવહારમાં મોડેલનું ઉદાહરણ જોવા જઈએ તો મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ઘઉં અને ડાંગરની ખરીદી માટે હિન્દુસ્તાન લીવર લિમિટેડ દ્વારા રેલીઓની નિમણૂકમાં જોવા મળે છે.

## 3. સંશોધન અભ્યાસના હેતુઓ :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ ડીસા તાલુકાનાં માલગઢ ગામમાં કોન્ટ્રાક્ટ ફર્મિંગ (કરાર ખેતી) ક્ષેત્રે સંકળાયેલા ખેડૂતોની રોજગારી અને આર્થિક વિકાસ પર કેવી અસરો થઈ છે તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ગ્રામીણ ક્ષેત્રમાં કોન્ટ્રાક્ટ ફર્મિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોનાં પ્રશ્નો જેવા કે ઉત્પાદનનું પ્રમાણ, પેઢી સાથેનાં સબંધો, આવક પ્રમાણ, ખર્ચ પ્રમાણ, બચત પ્રમાણ, રોજગારીનું પ્રમાણ, જીવનધોરણ, સુખાકારી, કરાર ખેતીના પાંસાઓને આવરી લેવામાં આવેલ છે. સંશોધન અભ્યાસ અંતર્ગત કેટલાક હેતુઓ અનિવાર્ય બને છે.

૧. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં શિક્ષણનું પ્રમાણ જાણવું
૨. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં આવકનું પ્રમાણ જાણવું.
૩. કરાર ખેતીથી થતાં લાભોનું પ્રમાણ જાણવું.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 4, Issue - 8, Aug - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 02/08/2021 Accepted on : 16/08/2021 Publication Date:31/08/2021

૪. કરારી ખેતીની અસરો અંગેની માહિતી મેળવવી
૫. કરાર ખેતીની ખેડૂત સમુદાયના જીવનધોરણ પર થતી આર્થિક-સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવો

## 4. સંશોધન અભ્યાસની પરિકલ્પના :-

સંશોધન અભ્યાસ માટે પરિકલ્પના અતિમહત્વનું સ્થાન ધરાવે છે. પરિકલ્પના દ્વારા પ્રસ્તુત અભ્યાસને કેન્દ્ર સ્થાને રાખીને અંદાજ મૂકવામાં આવે છે. તેમજ મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનું પૃથ્થકરણ કરી તેની ચકાસણીને આધારે તારણો અને સૂચનો રજૂ કરવામાં આવે છે જે ભાવિસંશોધન માટે મહત્વના પુરવાર થાય છે.

૧. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
૨. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
૩. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
૪. કરાર ખેતી દ્વારા ખેડૂતોને લાભ પ્રાપ્ત થયા છે.
૫. કરાર ખેતીથી ખેડુતોની આર્થિક સ્થિતિ (જીવનધોરણ) માં સુધારો થયો છે.

## 5. સંશોધન પદ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક અને ગૌણમાહિતીના આધારે માહિતી એકત્રિત કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક માહિતી અંતર્ગત ડીસા તાલુકાનાં માલગઢ ગામમાં કરાર ખેતી સાથે સંકળાયેલા ખેડુતોની રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી છે. જ્યારે ગૌણ માહિતી એ સંશોધન અભ્યાસ અંતર્ગત સામાયિક, વર્તમાનપત્રો, સંદર્ભો અને ઈન્ટરનેટના માધ્યમ દ્વારા એકત્રિત કરવામાં આવી છે.

### 5.1 નમૂના (સેમ્પલ) પસંદગી :-

પ્રસ્તુત અભ્યાસ ડીસા તાલુકાનાં માલગઢ ગામમાં કરવામાં આવ્યો છે. ડીસા તાલુકાનાં માલગઢ ગામમાં કોન્ટ્રાક્ટ ફર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ૫૦ ખેડુતોને યદ્દછ નિર્દેશન પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા છે. પસંદ કરેલા ખેડુતો પાસેથી પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી સ્વરૂપે રૂબરૂ મુલાકાત લઈને એકત્રિત કરવામાં આવી છે. એકત્રિત કરેલ માહિતીનું પૃથ્થકરણ કરી તેનાં તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. જે ભાવિસંશોધન માટે માર્ગદર્શક બની રહેશે.

### 5.2 માહિતીનું પૃથ્થકરણ (પરિકલ્પના ચકાસણી) :-

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અંતર્ગત ડીસા તાલુકાનાં ભાટસણ ગામમાં કોન્ટ્રાક્ટ ફર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતો પાસેથી પ્રશ્નાવલી દ્વારા મેળવેલ પ્રાથમિક માહિતીના પૃથ્થકરણને આધારે પરિકલ્પનાની ચકાસણી કરવામાં આવેલ છે.

**૧. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધુ જોવા મળે છે.**



**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 8, Aug - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 02/08/2021 Accepted on : 16/08/2021 Publication Date:31/08/2021

સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વિશ્લેષણને આધારે ખેડૂતોમાં શિક્ષણના પ્રમાણ પર નજર કરતાં કુલ ૫૦ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૭.૧% ખેડુતો ઉચ્ચ. શિક્ષણ ધરાવતા જોવા મળ્યા છે. તેમજ ૨૪.૫% ખેડુતો માધ્યમિક શિક્ષણ મેળવેલું છે. આથી, કહી શકાય કે કોન્ટ્રાક્ટ ફ્રર્મિંગ સાથે સંકળાયેલા ખેડુતોમાં શિક્ષણનું પ્રમાણ સારું જોવા મળ્યું છે.

**૨. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં આવકનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**




સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વિશ્લેષણને આધારે કોન્ટ્રાક્ટ ફ્રર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતોમાં વાર્ષિક આવકનું પ્રમાણ જોતાં કુલ ૫૦ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૨.૧% ખેડુતો વાર્ષિક ૩૫ થી ૫૦ હજાર સુધીની આવક મેળવે છે, જ્યારે ૩૩.૩% ખેડુતો ૧ લાખ સુધીની અને માત્ર ૬.૩% ખેડુતો ૧.૫ લાખથી વધુ આવક પ્રાપ્ત કરે છે. આથી, કહી શકાય કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે સંકળાયેલા ખેડુતોમાં વાર્ષિક આવકનું પ્રમાણ એકંદરે ઓછું જોવા મળ્યું છે. કારણ કે અમુક સમયે ઉત્પાદનનું ઓછું પ્રમાણ, યોગ્ય ભાવોનો અભાવ, અસરકારક માંગનો અભાવ, યોગ્ય કિંમતનો અભાવ વગેરે પરિબળો મહત્વનો ભાગ ભજવે છે.

**૩. કરાર ખેતી સાથે સંકળાયેલા લોકોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળે છે.**



**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 4, Issue - 8, Aug - 2021
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.871
Received on : 02/08/2021 Accepted on : 16/08/2021 Publication Date:31/08/2021

સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વિશ્લેષણને આધારે કોન્ટ્રાક્ટ ફર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતોમાં બચતનું પ્રમાણ જોતાં કુલ ૫૦ ખેડુત ઉત્તરદાતા પૈકી માત્ર ૪૨.૯% ખેડુત બચત કરતાં હતા. આથી, કહી શકાય કે આવકના અનુસંધાનમાં કોન્ટ્રાક્ટ ફર્મિંગ સાથે સંકળાયેલા ખેડુતોમાં બચતનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. જે અંતર્ગત બચતના સ્ત્રોતની વિગત જોતાં ૬૪.૩% ખેડુત ઉત્તરદાતા બેન્કમાં, ૩.૬% ઉત્તરદાતા પોસ્ટમાં અને ૩૨.૧% ઉત્તરદાતા ઘરમાં બચત કરતાં હતા. કારણ કે વધતી જતી મોંઘવારી, આર્થિક-સામાજિક ખર્ચ, ઉત્પાદન ખર્ચ વધતાં બચતના પ્રમાણમાં ઘટાડો થયેલો જોવા મળે છે.

## ૪. કરાર ખેતી દ્વારા ખેડૂતોને લાભ પ્રાપ્ત થયા છે.




સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વિશ્લેષણને આધારે કોન્ટ્રાક્ટ ફર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતોમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) થી થતાં લાભોનું પ્રમાણ જોતાં કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૬.૫% ખેડુત ઉત્તરદાતાઓએ સ્વીકાર્યુ કે તેમને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ થી લાભ પ્રાપ્ત થયા છે. જેમાં તેમને ઉત્પાદિત પેદાશોના પ્રમાણમાં યોગ્ય ભાવો મળતા આવકમાં વધારો થયો છે, પરિણામે તેમના આર્થિક સુખાકારીમાં વધારો થયો છે. તે ઉપરાંત તેમને પેઢી દ્વારા અનેક લાભો પ્રાપ્ત થયા છે.

## ૫. કરાર ખેતીથી ખેડુતોની આર્થિક સ્થિતિ (જીવનધોરણ)માં સુધારો થયો છે.



સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વિશ્લેષણને આધારે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતોમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) થી ૫૬.૫% ખેડુત ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું કે તેમને કરાર ખેતી દ્વારા સારા લાભો પ્રાપ્ત થયા છે. જે અંતર્ગત ખેડુતોને ઉત્પાદન પ્રમાણ સામે ઓછા સરેરાશ ખર્ચે સારી કિંમત મળવા પામી છે. કરાર ખેતીથી ખેડુતોની આવકમાં મહદઅંશે વધારો થતાં તેમની વાસ્તવિક આવક વધતાં તેમના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થયો છે.

## 6 સંશોધન અભ્યાસના તારણો :

સંશોધન અભ્યાસ અંતર્ગત કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતો પાસેથી મેળવેલ પ્રાથમિક માહિતી પૃથ્થકરણ ને આધારે પ્રાપ્ત થયેલા તારણો પર નજર કરતાં....

૧. કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સાથે સંકળાયેલા ખેડુતોમાં ઉંમરનું પ્રમાણ જોતાં મોટાભાગના ૪૪.૯% ખેડુતો ૧૯ થી ૩૫ વર્ષની આયુ ધરાવતાં હતા. જ્યારે ૩૪.૭% ખેડુતો કે જેઓ ૩૫ થી ૫૦ વર્ષની આયુ ધરાવતાં હતા.

૨. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૭.૫% ખેડુતો ૩ વર્ષથી ખેતી કરતાં હતા, ૧૭.૫% ખેડુતો ૬ વર્ષથી કરાર ખેતી સાથે સંકળાયેલા હતા.

૩. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૭૯.૬% ખેડુતો પોતાની માલિકીની જમીન ધરાવતાં હતા. જે અંતર્ગત ૪૮.૮% ખેડુત ઉત્તરદાતા ૩ વીઘા જમીન ધરાવતાં હતા, ૩૦.૨% ૪ થી ૬ વીઘા જમીન ધરાવતાં હતા જ્યારે ૧૪% ખેડુત ઉત્તરદાતા ૧૦ વીઘા કરતાં વધુ જમીન ધરાવતાં હતા.

૪. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૭૯.૬% ખેડુત ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું કે તેઓને કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી)ના અનુસંધાનમાં ખેત ઉત્પાદકતા પ્રમાણે યોગ્ય ભાવો મળે છે,

૫. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૨૦.૪% ખેડુત ઉત્તરદાતા ખેડુતોએ યોગ્ય ભાવ મળવાપાત્ર ન હતા. જેના કારણો પર નજર કરતાં ૩૫.૪% ખેડુત ઉત્તરદાતાનુ કહેવું છે કે વચેટિયાઓ દ્વારા તેઓનું મોટેપાએ શોષણ થાય છે, તેમજ ૩૩.૩% ખેડુતોના મતે ટેકાના ભાવની નીતિના અભાવને કારણે તેમને ખેત પેદાશોના યોગ્ય ભાવો મળતા નથી.

૬. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૪૬.૩%ખેડુત ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓને કરાર ખેતીમાંથી વાર્ષિક ૧/૩ ભાગ કુલ ઉત્પાદન પૈકી મળે છે, જ્યારે ૪૩.૯% ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓને કરાર ખેતીના અનુસંધાનમાં કુલ ઉત્પાદન પેદાશો સામે પેઢી સાથે ૫૦% ભાગ મળે છે.

૭. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૪૩.૮ % ખેડુત ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓને ખેતીમાં સૌથી મોટી સમસ્યા એ સિંચાઈની અપૂરતી સવલતો છે. તે ઉપરાંત રસાયણિક ખાતરોનો અભાવ, જંતુનાશક દવાઓનો અભાવ તેમજ ખેતી વિષયક માહિતીના અભાવ વગેરે મુખ્ય સમસ્યાઓ છે.

૮. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૬.૩% ખેડુત ઉત્તરદાતાઓ સરકારના ટેકાના ભાવની નીતિ વિશે જાણકારી મેળવતા હતા.

૯. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૫.૩% ખેડુત ઉત્તરદાતા ખેત પેદાશ વેચાણ અંતર્ગત બજાર વ્યવસ્થા વિશેની જાણકારી ધરાવતાં હતા.

૧૦. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૫૭.૮% ખેડુત ઉત્તરદાતા સરકારની ખેતીલક્ષી યોજનાઓ વિશે જાણકારી ધરાવતાં હતા, આથી કહી શકાય કે ખેડુતોમાં સરકારની ખેતી વિષયક યોજનાઓની જાણકારીનું પ્રમાણ ઓછું જોવા મળ્યું છે. તેમજ ૮૭.૨% ખેડુત ઉત્તરદાતા કે જેઓને સરકારી યોજનો કોઈપણ પ્રકારનો લાભ લીધેલ નથી.

૧૧. સંશોધન અભ્યાસ અંતર્ગત માહિતી પૃથ્થકરણને આધારે કુલ ખેડુત ઉત્તરદાતા પૈકી ૭૭.૧% ખેડુત ઉત્તરદાતાઓએ સ્વીકાર્યું કે તેઓને ખેત ઉત્પાદનના યોગ્ય ભાવો બજારમાંથી મળી રહે છે. આથીમ કહી શકાય કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) ને કારણે ખેડુતોને યોગ્ય ભાવો મળતા તેમની વાસ્તવિક આવકમાં નોંધપાત્ર સુધારો થતાં તેમની આર્થિક સુખાકારી અને જીવનધોરણમાં સુધારો થયો છે.

## 7 સંશોધન અભ્યાસના સુચનો :-

સંશોધન અભ્યાસ અંતર્ગત મેળવેલ પ્રાથમિક માહિતી વિશ્લેષણને આધારે પ્રાપ્ત થયેલ તારણોના અનુસંધાનમાં સુચનો અનિવાર્ય બને છે. જે સંશોધન અભ્યાસના સદર્ભમાં ભવિષ્યના અનુસંધાનમાં કરવામાં આવેલ છે જેથી ભાવિસંશોધનની દિશાભિમુખતા માટે પણ ઉપયોગી બની રહે છે.

૧. ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેડુતોમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) વિશેનું માર્ગદર્શન તેમજ યોગ્ય તાલીમ પૂરી પાડવી કે જેથી વધુમાં વધુ ખેડુતો કોન્ટ્રાક્ટ ફાર્મિંગનો લાભ મેળવી શકે.

૨. પેઢી દ્વારા ખેડુતોને ઉત્પાદિત ખેતપેદાશોના યોગ્ય ભાવો મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવા.

૩. ઉત્પાદિત માલને સંગ્રહ કરવા માટે ગોડાઉનની વ્યવસ્થા કરવી કે જેથી માલ બગડી કે સડી જવાનો ભય ન રહે.

૪. ખેડુતોને સીધા પેઢી સાથેના વ્યવહારો કરવા માટે પ્રોત્સાહિત કરવા કે જેથી કોઈ દલાલો કે વચેટિયાઓ દ્વારા તેમનું શોષણ થતું અટકાવી શકાય.

૫. સરકાર દ્વારા આપવામાં આવતા ટેકાના ભાવોથી ખેડુતોને માહિતગાર કરવા કે જેથી તેમને ખેતપેદાશોના યોગ્ય ભાવો મળી રહે.

૬. સરકારી ખેતીલક્ષી યોજનાઓથી ખેડુતોને માહિતગાર કરવા તેમજ ખેડુતો આ યોજનાઓનો લાભ લઈ શકે તે માટે તેઓને યોજના અંગેનું પૂરતું માર્ગદર્શન પૂરું પાડવું.

૭. છેવાડાના ગ્રામીણ વિસ્તારોમાં રહેતા અને ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા ખેડુતોને સિંચાઈની સવલતો મળી રહે તેમજ યોગ્ય માત્રામાં પાણીનો પુરવઠો મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવા.

૮. કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) દ્વારા ખેડુતોને થતાં લાભો વિશેની જાણકારી ખેડુતોને પૂરી પાડવી કે જેથી તેઓ આ ખેતી દ્વારા તેમની વાસ્તવિક આવકમાં નોંધપાત્ર વધારો કરી શકે. જે માટે ગ્રામીણ વિસ્તારોમાં સભાઓનું આયોજન કરવું.

૯. કોન્ટ્રાક્ટ ખેતી સાથે સંકળાયેલા અને ખેતી કરતાં ખેડુતોને બચત કરવા માટે પ્રોત્સાહિત કરવા જે અંગે તેઓને બેંકિંગ સિસ્ટમ વિશે જાણકારી પૂરી પાડવી જેથી તેઓને બચત કરવાની વૃતિને વેગ મળી રહે.

૧૦ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ (કરાર ખેતી) સાથે સંકળાયેલા ખેડુતોની આર્થિક સુખાકારીમાં વધારો થાય તે માટેના પ્રયત્નો હાથ ધરવા.

## References :

1. Government of India (2012-13) State of Indian Agriculture 2012-13, Ministry of Agriculture, Department of Agriculture and Co-operation, New Delhi.
2. Singh J. (2003) Corporate Agriculture: The Implication for Indian Farmers. http://www.macroscan.org/fet/dec03/pdf/Corp_Agri.pdf
3. Dileep B.K., Grover R.K. and Rai K.N. (2003) Indian Journal of Agricultural Economics, 57(2), 197-210.
4. Bauman P. (2000) ODI Working Paper, 139
5. Manjunatha A.V., Ramappa K.B., Lavanya B.T. And Mamatha N.C., ADRTC, International Journal of Agriculture Sciences, ISSN:0975-9107, Vol-8, Issue-7, Year – 2016.
6. Ghosh J. (2003) Corporate Agriculture: The Implication for Indian Farmers. http://www.macroscan.org/fet/dec03/pdf/Corp_Agri.pdf